આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે સુભાષભાઈ વી. ઓઝા પ્લોટ નં. ૪૭૦/૨, સેક્ટર-૪-ડી ખાતે યોજાશે.
- શ્રી શિવ-શકિત શિવ મહિમ્ના સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે મનિષાબેન ત્રિપાઠી, ૪૩૧/એ, દેસાઈ નર્સિંગ હોમની બાજુમાં યોજાશે.
- વાવોલ રામધામ ખાતે આજે વિવિધ કલાત્મક હિંડોળામાં નવી ચલણી નોટોના હિંડોળા ઝુલાવવામાં આવશે. ભકતોને દર્શનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.
- રમેશભાઈ ઓઝા પ્રેરિત સત્સંગ-કીર્તનનો કાર્યક્રમ આજે સાંજે ૫-૦૦ થી ૭-૦૦ દરમિયાન ભાવેશભાઈ શાહ, ૨૮૧/૧૨, આશીર્વાદ ફલેટ સેકટર-૨૮ ખાતે યોજાશે.

કાકાના તારાપુર પાસે જીપ-રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં એકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા કાકાના તારાપુર પાસે ગત સાંજના સુમારે શટલીયા જીપ અને પેસેન્જર રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર ત્રણ જણા ગંભીર રીતે ઘવાયા હતા. જે પૈકી એકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે જીપ ચાલક સામે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

પેથાપુર નજીકના કાકાના તારાપુર વિસ્તારમાં ગઈ સાંજે બેફામ જતી શટલીયા જીપ અને પેસેન્જર રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

રિક્ષામાં સવાર ત્રણ ગંભીર રીતે ઘવાયા જીપ ચાલક સામે ગુનો દાખલ

અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર ત્રણ જણા ગંભીર રીતે ઘવાયા હતા. જે પૈકી એકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે જીપ ચાલક સામે ગુનો દાખલ હતા. જેમાં ઈસંડ ખાતે રહેતા રામાભાઈ વિરાભાઈ રાવલ તથા આ અકસ્માતમાં રિક્ષાનો ખુડદો થઈ ગયો હતો અને રોડની બાજુમાં આવેલા તળાવમાં પડતા રહી ગઈ હતી. જીપની ટક્કરે રિક્ષામાં સવાર ત્રણ જણાને ઈજાઓ થતા સ્થળ પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા થવા પામી હતી. આ અકસ્માતમાં રામાભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે જીપચાલક સામે ગુનો નોંધીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી એએસઆઈ ગફુરભાઈએ તપાસ શરૂ કરી છે.

ભરતજી ઠાકોર સહિત ત્રણને ઈજાઓ

સંસ્કારગૃપ વૃક્ષને મિત્ર બનાવી બેલ્ટ બાંધશે

ગાંધીનગર, તા. ૨

સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ ફ્રેન્ડશીપ ડે ની અનોખી રીતે ઉજવણી કરશે. સંસ્કારગૃપ દ્વારા આજરોજ રવિવાર, સાંજે ૬.૧૫ વાગે સેક્ટર-૭ બગીચામાં વૃક્ષોને પોતાના મિત્રો બનાવી ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધશે. તેમજ આ પ્રસંગે ગાંધીનગરના ૫૦માં જન્મદિવસ નિમિત્તે બાળકોને મીઠાઈ ખવડાવશે. ત્યારે આ કાર્યક્રમમાં ગૃપના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રમુખે જણાવ્યું છે.

માણસા આનંદીમાના વડલા ખાતે ચાડીના રોગોનો મફત નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨

માણસા શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાના વડલા ખાતે પલ્મો ચામડીના રોગોનો નિદામ કેમ્પ યોજાશે. આજ રોજ રવિવાર, બપોરે ૨-૦૦ થી ૬-૦૦ કલાક દરમિયાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં ચામડીના રોગોથી પીડાતા દર્દીઓને લાભ લેવા ટ્રસ્ટી દ્વારા જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગરના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે પ્રજાપતિ સમાજે બિસ્કીટ વિતરણ કર્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની સ્થાપનાના સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે કલ્યરલ ફોરમના અધ્યક્ષશ્રી કૃષ્ણકાન્ત જહાની અપીલને માન આપી ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા સેકટર-૩ની ઝુંપડપટ્ટી તેમજ સરકારી પ્રાથમિક શાળામાં બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યું. જેમાં શ્રી પોપટલાલ પ્રજાપતિ, શ્રી ચીમનભાઈ પ્રજાપતિ અને શ્રી નંદુભાઈ પ્રજાપતિએ કામગીરી બજાવી હતી.

જિલ્લા કક્ષાએ બાલવા હાઈસ્કૂલનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કક્ષાની સાયકલીંગ સ્પર્ધા રાંધેજા મુકામે યોજાઈ હતી. જેમાં સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવાના ભાઈઓ પટેલ જશ એસ., ભાટી જયમીન દવે, બારોટ રોનક એમ., ત્રિવેદી શિવાંગ એચ., ચૌધરી અવિનાશ, ચૌધરી મૌલિક બી.એ પ્રથમ નંબરો પ્રાપ્ત કરેલ છે. બહેનોમાં ચૌધરી સૃષ્ટિ, શ્રી ભાટી જયશ્રી જે., વિરલ પી. ચૌધરી અને મૈત્રીએ દ્વિતીય નંબરો પ્રાપ્ત કર્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષકશ્રી શૈલેષકુમાર કે. પટેલ દ્વારા માર્ગદર્શન અપાયું હતું. શાળાના આચાર્ય પરમાર અર્જુનસિંહ તથા પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીઓએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

સેકટર-૭-ડીના તેજસ્વી તારલાનું શહેરીજન સંસ્થા સન્માન કરશે

ગાંધીનગર, તા. ૨

સેકટર-૭-ડીની શહેરીજન સંસ્થા અને સેકટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળ દ્વારા તારીખ ૧૦મી ઓગષ્ટે બપોરે સાડા ત્રણ વાગે સભ્યોના સંતાનો/પૌત્રો ધોરણ ૧ થી ૯ અને ધોરણ ૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન સાથે બહુમાન કરશે. જે વિદ્યાર્થીઓના ૭૫ ટકા કે તેથી વધુ ગણ હશે તેનું સન્માન થશે. આ કાર્યક્રમ ચૌધરી શાળાના હોલમાં યોજાશે. આ પ્રસંગે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરાશે. મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર કલ્યરલ ફોરમના અધ્યક્ષ અને ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહા પધારશે. મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી કાર્તિક પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. શ્રી ભૂપતભાઈ ભૂતડીયા, વિશિષ્ટ વ્યકિત તરીકે ઉપસ્થિત રહેશે. ઉદઘોષક તરીકે શ્રી કાન્તિભાઈ પટેલ ફરજ બજાવશે. અધ્યક્ષસ્થાને બંને સંસ્થાના પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટ રહેશે.

લેકાવાડામાં દશામાના જાગરણ નિમિત્તે રાસગરબા

ગાંધીનગર, તા. ૨

સાબરમતીને કિનારે આવેલ લેકાવાડા ગામમાં દશામાના મંદિરે જાગરણ નિમિત્તે ભવ્ય રાસ ગરબા યોજવામાં આવશે. તા. ૪ ઓગસ્ટ, સોમવાર રાત્રે લેકાવાડા ગામમાં આવેલ દશા માતાજીના મંદિરે જાગરણ નિમિત્તે રાસ ગરબા યોજવામાં આવશે ત્યારે ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા વિક્રમસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

માનસિક અસ્થિરતાનો લાભ લઈ વાવોલની ૨૦ વિઘા જમીન પચાવી પાડવાની કોશીષ

પાંડવ ફાર્મમાં મહેફીલો કરીને યુવાનને વિશ્વાસમાં લઈ કરોડોની જમીન હડપ કરવાના પ્રયાસ બદલ બે નોટરી સહિત ૧૧ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં રહેતા અને માનસિક બિમારીનો ભોગ બનેલા એક રહીશને ફાર્મ હાઉસમાં મહેફીલ કરાવીને તેની જમીનોની વિગતો જાણી લઈ કરોડોની કિંમતની ૨૦ વિઘા જમીન પચાવી પાડવાના પ્રયાસ અંગે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો થયો છે. બે નોટરી સહીત ૧૧ શખ્સો સામે સે. ૭ પોલીસે ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ માનસીક રીતે બિમાર વાવોલ ગામના ગ્રીનસીટી ખાતે રહેતા કનુભાઈ શંકરભાઈ પટેલને કેટલાક શખ્સોએ મળીને વાવોલના પાંડવ ફાર્મમાં અવારનવાર બોલાવીને મહેફીલો કરી હતી. ત્યાર બાદ માનસિક અસ્વસ્થતાનો ગેરલાભ ઉઠાવીને આ શખ્સોએ કનુભાઈ પાસેથી તેમની જમીનોની વિગતો લઈ વિશ્વાસમાં લઈને વાવોલ ગામમાં રહેલી કરોડોની કિંમતની તેમની ૨૦ વિઘા જેટલી જમીન હડપ કરી લેવાનો પ્રયાસ કર્યો હતો. વર્ષ ૨૦૦૮-૦૯ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં સમયગાળામાં કનુભાઈના અંગુઠા- સહીયો કરીને, પૈસા સ્વિકાર્યા અંગેના બનાવટી દસ્તાવેજો બનાવીને તેનો ઉપયોગ કરી કોર્ટમાં દાવાઓ કરી બે નોટરી સહિત ૧૧ શખ્સોથી મળીને જમીન પચાવી પાડવાની કોશીશ કર્યા અંગેની ફરીયાદ સે. ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. આણંદ જિલ્લાના બોરસદ ખાતે રહેતા વિમલ હરીપ્રસાદ પટેલ, ચાંદખેડાના હાર્દીક ઉર્ફે પીન્ટુ વાસુદેવ પટેલ, ઘાટલોડીયાના વિનીત હિતેન પટેલ, ગૌરાંગ દિનેશ પટેલ, અમદાવાદ નોટરી તરંગ આર. દવે, ગાંધીનગર નોટરી હિંમતલાલ આર. જાડેજા, અશોકભાઈ પટેલ, વાવોલના મનુભાઈ ડાહ્યાભાઈ રાવલ, રાહુલ પટેલ સહિત ૧૧ આરોપીઓ સામે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

બાઈક ફેરવવાના શોખ માટે વાહનચોરી કરતો કિશોર ઝડપાયો

ગાંધીનગર, પેથાપુર વિસ્તારમાંથી ૮ વાહનો ચોર્યા હોવાની કબુલાત : ડુપ્લીકેટ ચાવીથી વાહનો ઉઠાવતો હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર તથા પેથાપુર સહિતના વિસ્તારોમાંથી ડુપ્લીકેટ ચાવીની મદદથી વાહનો ચોરી કરતો માત્ર ૧૭ વર્ષનો કિશોર સે. ૭ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. બાઈકો ફેરવવાના શોખ માટે થઈને કિશોર વાહનો ચોરતો હોવાનુ બહાર આવ્યું છે. તેણે અત્યાર સુધી આઠ વાહનો ચોર્યા હોવાની કબુલાત કરી લીધી છે.

સેક્ટર-૭ પી.આઈ. જે.એમ. ભરવાડ તથા તેમની ટીમે બાતમીને આધારે સગીર વયનો કિશોર ઝડપી પાડ્યો છે. જેણે છેલ્લા દોઢ વર્ષમાં આઠ બાઈકો અને એક્ટીવા ચોરી કર્યા હોવાનું બહાર આવ્યું છે. ગાંધીનગર અને પેથાપુર વિસ્તારમાંથી ચોરેલા આ આઠેય વાહનો ડુપ્લીકેટ ચાવીની મદદથી ઉઠાવ્યા હતા. બાઈકો ફેરવવાના શોખને કારણે તે વાહનો ચોરતો હતો અને પેટ્રોલ પુરૂ થાય એટલે તે કોઈપણ જગ્યાએ વાહન પડતુ મુકી દેતો હતો. ચોરીના વાહનો રીકવર કરીને સે. ૭ પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. સગીર વયના આરોપી પાસેથી વધુ કેટલાક વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ પોલીસે વ્યક્ત કરી છે.

ઘરે સ્યુસાઈડ નોટ મુકીને કોલવડાનો યુવાન ગુમ

જમીન વિવાદમાં કૌટુંબીક ભાઈઓના ત્રાસથી આપઘાત કરતો હોવાની ચિઠ્ઠી લખીને જતો રહેલો યુવાન પાંચ દિવસથી લાપતા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં રહેતો ૪૦ વર્ષિય યુવાન કનુભાઈ મંગળભાઈ પટેલ ૩૦ જુલાઈએ રાત્રે બે વાગ્યે ઘરે એક સ્યુસાઈડ નોટ લખેલી મુકીને ક્યાંક ચાલ્યો ગયો છે. એક સંતાનનો પિતા કનુભાઈ આજે પાંચ દિવસ સુધી ચાલેલી શોધખોળ બાદ પણ મળી આવ્યો નથી. પેથાપુર પોલીસે યુવાનના ગુમ થયા અંગે જાણવા જોગ લઈ તપાસ શરૂ કરી છે. યુવાને લખેલી સ્યુસાઈડ નોટમાં પોતાના કૌટુંબીક ભાઈઓના ત્રાસ અને જમીન વિવાદને પગલે આપઘાત કરતો હોવાનો ઉલ્લેખ છે. ડાબા હાથે 'જય સધીમાં' લખેલુ છે. શરીરે મજબુત બાંધાના આ ગુમ યુવાનની જાણ થાય કે ભાળ મળે તો પેથાપુર પોલીસ કે ગુમ થનાર યુવાનના પરીવારજનોના મોબાઈલ નં. ૯૭૧૪૧૧૬૮૩૩ પર જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

ગાંધીનગરની સુવર્ણજયંતિ વર્ષને સી.એમ. હાઈસ્કુલના બાળકોએ વધાવ્યું

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કુલ દ્વારા ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ પ્લેકાર્ડસ તથા સુત્રોચ્ચાર સાથે નગરના રાજમાર્ગો પર ઉપસ્થિત રહ્યા હતા અને ઉમંગ ઉલ્લાસથી અવસરને વધાવ્યો હતો. સુત્રોચ્ચાર દ્વારા સમગ્ર વાતાવરણને ગજવી દીધું હતું. મેયરશ્રી મહેન્દ્રસિંહજી રાણા અને ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

આચાર્ય શ્રી બી.કે. પટેલ, કુ. ચેતના ભુચ, શ્રી દશરથભાઈ પટેલ, શ્રી આર.કે. ચૌહાણ દ્વારા પ્રોત્સાહિત કરાયા હતા. સુવર્ણ દિનનું મહત્વ સમજાવી ચોકલેટસનું વિતરણ કરાયું હતું.

વૃક્ષારોપણ કરી નગરનો જન્મ દિવસ મનાવ્યો - સેક્ટર-૨ ૩માં આવેલ શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગરની સ્થાપના દિન નિમિત્તે વન વિભાગના સહયોગથી શાળાના વિદ્યાર્થીનીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યા દ્વારા વૃક્ષનું મહત્વ સમજાવી તેના જતન માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

ઈસનપુર મોટા ખાતે આશા સેમિનાર અને વસ્તી દિન વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

વિશ્વ વસ્તી દિન ઉજવણી અંતર્ગત તાલુકા આરોગ્ય કચેરી દ્વારા ઈસનપુર મોટા ખાતે આશા સેમિનાર યોજવામાં આવ્યો હતો. વસ્તી દિન નિમિત્તે આશા કાર્યકર બહેનોની વસ્તીદિન વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે વિશ્વ વસ્તી દિન અંતર્ગત આશાવર્કર બહેનોની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ, જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદસિંહ સાહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ૩૦૦ આશાવર્કર બહેનો ઉપસ્થિત રહી હતી.

સેમિનારમાં આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદીએ દૃશ્ય માધ્યમ દ્વારા વસ્તી વધારો અને તેની આર્થિક અસરોની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ બેટી વધાવો ફિલ્મ બતાવવામાં આવી હતી. સેમિનારમાં ડાયેરિયા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ઓ.આર.એસ. નિદર્શન કરી બાળકોમાં થતા ઝાડાના રોગ વિશે માહિતી પુરી પાડી હતી. વકતૃત્વ સ્પર્ધામાં પાલજ ગામના તારાબેન વાઘેલાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

આ સેમિનારમાં જિલ્લાના ડૉ. આર.વી. પંડ્યા, ડૉ. જયેશ સોલંકી, ઈસનપુર હોસ્પિટલના મંત્રી રામચંદ્રભાઈ પટેલ, કેળવણી મંડળના મંત્રી રમેશભાઈ પટેલ, અરવિંદભાઈ નિનામા ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારને સફળ બનાવવા ઈસનપુર કેળવણી, આરોગ્ય મંડળ તેમજ વડોદરા પ્રાથમિક આરોગ્ય વિભાગના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૨૧

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૭ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૫ ટકા ● સાંજે ૭૯ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
કીક : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૨.૦૦, ૨.૧૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
કીક : ૧૦.૦૦,
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૩૦
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
કીક : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ સુદ સાતમ, તા. ૩-૮-૨૦૧૪, રવિવારના રોજ સાવન ભાદો, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

આપની આજ

મેષ : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું.

વૃષભ : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે,

મિથુન : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

કર્ક : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

સિંહ : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટે.

કન્યા : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

વૃશ્ચિક : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

ધન : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

મકર : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કુંભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

મીન : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

ચિરવિદાય

- સ્વ. શકરીબેન વિનુજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાજેન્દ્રભાઈ જેરામભાઈ રાઠોડ (ઉ.વ.૫૭) પ્લોટ નં. ૩૧૫/૧, સેક્ટર-૧સી, ગાંધીનગર
- સ્વ. શકરાજી લાખાજી સોલંકી (ઉ.વ.૮૦) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. બાબુબેન શકરાજી સોલંકી (ઉ.વ. ૭૩) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. અમરબેન જવાનજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ. શાહપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. મણીભાઈ અમથારામ પ્રજાપતિ (ઉ.વ.૭૦) મુ. મુબારકપુર, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રમેશજી ચંદુજી ઠાકોર (ઉ.વ. ૪૫) મુ. સોનીપુર, તા.જી. ગાંધીનગર.